# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

શમણાં બધાયે આંખને ચૂભ્યા કરે,
યાદો અમારી સામટી સૂંઘ્યા કરે.
દશ્યો વિશેની વારતા ખૂટી જશે
કે ? પાંપણો આ આંખને પૂછ્યા કરે,
નિઃશ્વાસ ઓઢીને પડેલો ઢોલિયો,
એકાંત એના હીબકાં લૂછ્યા કરે,
અજવાસ સંકેલી લઈને રાતભાર,
ખંડેરમાંની ભવ્યતા ઘૂમ્યાં કરે.
અંધારને પૂછે નિશાચર સાનમાં,
"આ રાત શાને સૂર્યથી રૂઠ્યા કરે ?"

- મુકેશ દવે

## પાથેય

- રમેશ ઠક્કર

# અતીતનો નજારો.. .

જયારથી બેડરૂમનો દબદબો વધતો ગયો છે ત્યારથી ખાટલો જાણે ભુલાતો ગયો છે..બાકી શું વટ હતો એનો..! ખુલ્લા આકાશમાં ગામડાના ઘરોમાં વિશાળ ચોકમાં જયારે ખાટલા ઢાળવામાં આવતા ત્યારે ગજબ માહોલ બનતો...કામલપુર ગામમાં વાણ ભરેલા ખાટલાના સ્પર્શે આકાશી અસબાબ જોવાનો અનુભવ એ અમારા બાળપણનો મોંઘેરો વૈભવ હતો..અતીતનો એ પણ એક નજારો હતો...

આજના એ.સી.ચુસ્ત રૂમો કે પંખાગ્રસ્ત ઓરડાઓના બંધિયાર માહોલમાં એ વૈભવની કલ્પના પણ શકય નથી..ખાટલાની એ ઉંઘ હકિકતમાં 'ઓર્ગેનિક ' ઉંઘ હતી..આજે જે નીંદર માણીએ છીએ એ પેસ્ટીસાઈડસ ડૂંડવાં જેવી છે..ખાટલાની ઈસ ઉપર બેસી માણસ નિરાંતે એકબીજાના ખબરઅંતર પુછતો..ખાટલાનું વાણ એ ગ્રામજીવનના પ્રાણ સમાન હતું..

માણસની મહત્વની શોધોમાં એક ખાટલો પણ છે..જેણે દિવસભર થાકી જતા માણસને હૂંફ આપી... ખાટલો એ ગ્રામ્ય જીવનનું એક અજીબ સંભારણું છે.."સાચવો ઈસ ને બેસો વીસ..' એવી કહેવત પણ છે..જેનો અર્થ છે કે ખાટલામાં ઈસ મહત્વની છે..લગ્નો કે મેળાવડાઓમાં ખાટલાઓની ભાતીગળ પંગત રહેતી.."ઢોલિયા સાગ સીસમના" હોય એ પ્રતિષ્ઠિત ખોરડું ગણાતું..

પહેલાં વાણ ભરેલા ખાટલા જોવા મળતા..એની ઈસ ગોળ રહેતી.. ક્રમિક રીતે ઈસ ચોરસ બનતી ગઈ..વાણની જગ્યાએ ખાદીની પાટી આવી ..લાકડાની જગ્યાએ લોખંડની ફ્રેમ અને એમ ખાટલો પણ આધુનિક થતો ગયો..ખાટલા માટે માંચો શબ્દ વપરાતો..ઢોલિયો એ પણ તળપદો શબ્દ છે...હિન્દીમાં એને ચારપાઈ કહે છે..પલંગ એ એનું શહેરી રૂપ છે..નાની ખાટલીનો પણ આગવો અંદાજ રહેતો..હિન્દીમાં તો પલંગડી જેવો શબ્દ છે જે થોડોક રમતિયાળ લાગે પણ આ બધામાં ખાટલા શબ્દ જેવી બેફિકરાઈ નથી..!

આજે તો બેડ, દિવાન, ડબલબેડને એના ઉપર ડનલોપી ગાદીઓ એ બધાએ ખાટલા સંસ્કૃતિનો ખાત્મો બોલાવી દીધો છે..એક હરીભરી વિરાસતને ભુલાવી દીધી છે...આપણે ત્યાં 'ખાટલેથી પાટલે, જેવી કહેવત છે..જેનો અર્થ મોજેમોજ થાય..'ખાટલે પડવું' એટલે બિમાર પડવું.."ખાટલો ખાઈ પણ જાય.. ' એનો અર્થ એ કે ખાટલાનો બહુ મોહ પણ ના રાખવો. અફસોસ એ છે કે ખાટલો હવે ભુલાતો જાય છે..એની છેલ્લી જીજીવિષાની જેમ આધુનિક ઘરોમાં એ કયાંક ને કવચિત ડોકાતો રહે છે..એ ગનીમત.આપણા સાહિત્યમાં ખુરશી વિશે,ટેબલ વિશે ,કે દરવાજા વિશે કવિતા કે વાર્તા કે નિબંધ જોવા મળે છે પણ કોઈ સાહિત્યકારે ખાટલા ઉપર સર્જન કર્યું હોય એવું ખાસ જાણમાં નથી..રમેશ પારેખમાં ખમ્મા આલા બાપુ અને એમની તૂટેલી ખાટલીની વાત આવે છે..પણ આખેઆખો ખાટલો જ કેન્દ્રસ્થાને હોય એવી કૃતિ કેમ નહીં લખાતી હોય? ખાટલો એ આપણી વિતેલી જિંદગીનું એક નજરાણું હોવા છતાં આવી ઉપેક્ષા કેમ હશે ? નવી પેઢીને એનો અનુભવ કદાચ ના હોય પણ વિતેલા જમાનાના કોઈપણ માણસ માટે ખાટલાની આરામદાયી અનુભૂતિ અને એનો અહેસાસ ના હોય એવું શકય નથી..માણસ જાતને નગુણી એમ જ કહી હશે ?! ખાટલા માટેની ઉપેક્ષા કદાચ મોટું પ્રમાણ છે. જગતની અન્ય વિરાસતોની માફક ખાટલો પણ હવે ધીમેધીમે નામશેષ થતો હોય એવું લાગી રહયું છે..બેકપેઈનનો ઉદભવ એ ખાટલાની આપણે કરેલી ઉપેક્ષાનો બદલો છે..હૂંફ વગરની પથારીથી થાકેલો માણસ એક ને એક દિવસ 'ખાટલા તરફ પાછા જાવ' એવી ઝુંબેશ ચલાવશે એવી મને શ્રધ્ધા છે.. લુપ્ત થતા ખાટલાની પણ એક અનોખી સાયબી હતી, એક દબદબો હતો, એવું કોણ માનશે ?આજે એ કેવળ અજાયબી થઈને રહી ગયો છે એ હકિકત છે..

# રાણા નાયડુ : વેબ સિરિઝ માટે ગાળ કે ગાળ માટે વેબ સિરિઝ




મન-રંજન



દ્વનિલ પારેખ

હવે તો ગાળ વગર વેબ સિરિઝ ન બની શકે એવું સમીકરણ દઢ થઈ ગયું છે. કોઈ પણ વેબસિરીઝમાં હવે વાસ્તવિકતાના નામે ગાળોની ભરમાર અને અશ્લીલતા ભરપૂર જોવા મળે છે. પણ એ ગાળોની અતિશયોક્તિ કેટલી હોઈ શકે ? શું ખરેખર આટલી બધી ગાળો વ્યવહારમાં બોલાઈ છે ? જેમ કે, એક સંવાદ ચાર શબ્દો વચ્ચે પાંચ ગાળ ઠાંસી ઠાંસીને ભરી હોય તો એને શું કહેશું ? આ વિધાનમાં અતિશયોક્તિ લાગે પણ એથી વધુ અતિશયોક્તિ ગાળ સંદર્ભે 'રાણા નાયડુ' વેબ સિરિઝમાં જોવા મળે છે.

વ્યકંટેશ દગ્ગુબાટી, રાણા દગ્ગુબાટી, આશીષ વિદ્યાર્થી જેવા અભિનેતાઓ ધરાવતી 'રાણા નાયડુ' વેબ સિરીઝ નેટ ફ્લિક્સ પર જોઈ શકાય છે. આ વેબ સિરિઝમાં ગાળો બોલવાની અભિનેતાઓ વચ્ચે સ્પર્ધા ચાલતી હોય એમ સંવાદે સંવાદે ગાળો આવે છે. આમ તો પિતા-પુત્રના સંબંધ પર આધારિત છે પણ પિતા-પુત્ર એકબીજા સાથે જે રીતે વર્તે છે, બાપ પોતાની ઐયાશીની જે રીતે વાતો કરતો હોય છે, પુત્ર બાપની હત્યા કરવા સુધી જતો હોય - એવા સંબંધની આ વેબસિરીઝ ગળે ઊતરે એમ નથી. એમાં પણ પાત્રોનો બેકગ્રાઉન્ડ હૈદરાબાદનો છે અને પછી એ મુંબઈ આવે છે. પણ હૈદરાબાદી જબાનનો લહેકો છૂટતો નથી અને સાથે પેલી ગાળનો કસુંબો પણ શબ્દે શબ્દે પીવાતો જાય છે. કદાચ સૌથી વધુ ગાળોની ભરમાર આ વેબસિરીઝ 'રાણા નાયડુ' માં હશે.

વેબસિરીઝ કોઈ જુદા વિષયને કેન્દ્રમાં રાખીને બનાવી હોય અને વિષયને અનુરૂપ કયાંક ગાળ હોય તો એ સહજ સ્વીકાર્ય છે. 'મિરઝાપુર' ના પ્રથમ ભાગમાં એ સહજ લાગતું હતું. પણ પછી તો ફેશન દાખલ બધામાં જ ગાળોનો અતિરેક થવા લાગ્યો અને એણાં પણ 'રાણા નાયડુ' એ બધી મર્યાદા ઓળંગી લીધી હોય એવું લાગે છે. દિગ્દર્શકના આખી વેબસિરિઝમાં કયાંક ચમત્કાર જોવા મળે છે પણ સિરિઝ વિવેક-વિશાલના ગાળોથી અતિ ભરપૂર સંવાદોમાં એવું લક્ષ્ય ગુમાવી બેસે છે. વેબ સિરિઝને એને જે રહસ્ય પ્રગટ થાય છે. એમાં પણ નવું કશું નથી. ટૂંકમાં ગાળ માટે વેબસિરિઝ બનાવી હોય એવું લાગે છે.

# ફેંગશુઈના વિવિધ સ્ત્રોત

વાસ્તુ અને ફેંગશુઈ



હિતેશ પટેલ

આજે આપણે ફેંગશુઈ ના બીજા અન્ય સ્ત્રોતો વિશે સમજીશું અને જાણીશું તેમજ તેને ઓળખીશું. ફેંગશુઈ ના સ્ત્રોત પોતાનામાં એક અલગ જ ગુણધર્મ ધરાવે છે. તે સુંદરતા પણ ધરાવે છે.સાથે સાથે સુંદર ભાગ્ય ને આકર્ષવા માટે તેમજ ઘણી ખરી કન્ડિશનમાં વાસ્તુદોષને દૂર કરવા માટે ફેંગશુઈ ના સ્ત્રોતો આપણને ઉપયોગી થાય છે. તે સુશોભન કાર્યમાં પણ ઉપયોગી થાય છે સાથે સાથે તે ઘરને આકર્ષક પણ બનાવે છે. આજે આપણે બેવડા ખુશી ચિન્હ, ડ્રેગન અને ફિનિક્સ પક્ષી, મીસ્ટીક નોટ, ભગવાન શ્રી કૃષ્ણ ની તસ્વીર.અને વુંલુ વિશે જાણીશું.

૧)- બેવડું ખુશી ચિન્હ - તેને ડબલ હેપીનેસ સાઈન પણ કહેવામાં આવે છે.પતિ પત્ની ના દામ્પત્ય જીવન માં પ્રેમ લાવવા માં આ ફેંગશુઈ ઉપયોગી થાય છે..તેને દક્ષીણ-પશ્ચિમ દિશા માં મુકવામાં આવે છે.જીવન માં ખુશ રહેવા માટે અને ખુશી લાવવા માટે બેવડું ખુશી ચિન્હ વપરાય છે.આ ચિન્હ માં આડી અને ઉભી લીટી ને ખેંચી ને એક ભૌમિતિક આકૃતિ બનાવેલી હોય છે.











૨) ડ્રેગન અને ફીનીકસ પક્ષી-ડ્રેગન અને ફીનીક્ષ પક્ષી ચીની કથાઓ માં અત્યંત પ્રાચીન પ્રતિક છે.બંને યાંગ ઉર્જા ના પ્રતિક છે પરન્તુ જયારે બંને ની સાથે ઉપસ્થિતિ થાય છે ત્યારે ફીનીકસ યીન ઉર્જા અને નારી ની સુંદરતા તેમજ ડ્રેગન પુરુષ નું બળ અને યાંગ ઉર્જા દર્શાવે છે..વૈવાહિક સંબંધો ને મધુર બનાવવા માટે ડ્રેગન-ફીનીકસ ને દક્ષીણ- પશ્ચિમ દિશામાં રાખવામાં આવે છે.જયરે તેને વિવાહ ક્ષેત્ર માં રાખવામાં આવે છે ત્યારે કુવારા છોકરા અને છોકરી ને સારો જીવનસાથી મળે છે અને તેને પૂર્વ દિશા માં રાખવાથી ઘર ના સદસ્યો ના સ્વસ્થ માં સુધાર આવે છે તેમજ દક્ષીણ દિશામાં રાખવાથી માં પ્રતિષ્ઠા વધે છે.

૩)મિસ્ટિક નોટ -આ પણ ડબલ હેપીનેસ ચિન્હ જેવું જ ફેંગશુઈ વસ્તુ છે.એક આકૃતિ બનાવેલી હોય છે જે આડા અને ઉભા તથા ક્રોસ લાઈન થી બનાવેલ હોય છે. પ્રેમી-પ્રેમિકા અને પતિ પત્ની વચ્ચે પ્રેમ વધારવા માટે આ ફેંગશુઈ નો ઉપયોગ થાય છે. આ એક ચાઈનીસ વસ્તુ છે જે ગીફ્ટ તરીકે આપવા માટે પણ વપરાય છે.માલિક અને નોકર વચ્ચે ના સંબંધ સુધારવા માટે તે લગાવામાં આવે છે.

૪) ભગવાન શ્રી કૃષ્ણ ની તસ્વીર -રાધા સાથે હાથ માં વાંસળી અને માથે મોરપંખ વાળા શ્રી કૃષ્ણ ની તસ્વીર ઉત્તમ ફેંગશુઈ નું પ્રતિક છે.અહી રાધા-કૃષ્ણ નો ફોટો પતિ -પત્ની વચ્ચે ના મધુર સંબંધ માટે ,માથા પર મોર પંખ ઘર માં વાસ્તુદોષ દુર કરવા માટે અને ખુશહાલી લાવવા માટે,તેમજ વાંસળી બીમ ના દોષ દુર કરવા માટે ઉત્તમ ફેંગશુઈ છે.

૫) વુલુ-વુંલુ બીમારીઓ થી રક્ષા માટે રામબાણ ફેંગશુઈ છે.કોઈ ઘર માં લાંબા સમય થી બીમાર હોય તો તેને તકિયા નીચે મૂકી સકાય.સામાન્ય સ્થિતિ માં તેને ઘર ના મધ્ય ભાગ માં લગાવામાં આવે છે અને તેનો મુખ્ય હેતુ બીમારીઓ થી રક્ષા છે.

- hits8483@gmail.com

# મદદ માંગવા ચારેબાજુ હાથ ફેલાવીએ, ને ટકોર મારો ખુદ ને તો પોતે જ મદદદાર નીકળે એમ પણ બને...

એમ પણ બને !



પારૂલ અમિત

અત્યારની પરિસ્થિતિમાં કોઈ સ્વસ્થ નથી ,કોઈ માનસિક રીતે તો કોઈ શારીરિક રીતે . પરીક્ષા, માર્ચ એન્ડિંગ, ટાર્ગેટ કેટલું બધું.

ચિંતા મા ને ચિંતા માં બીજી બીમારીઓ અને ઉપાધિઓ મળે એ અલગ.

મનથી નબળા હોવું એટલે જીવન ગુમાવવું .

કોઈપણ ઘટના ,પરિસ્થિતિનો સામનો કરવા માટે જરૂર હોય છે મનોબળ મજબૂત હોવું .

તો આ મનોબળ એટલે શું ?

મનોબળ એટલે સ્વસ્થતા, મનોબળ એટલે પોતાનામાં વિશ્વાસ . મનોબળ એટલે વિપરીત સંજોગો સામે ટકી રહી,જીત મેળવવાની ક્ષમતા, મનોબળ એટલે ડગ્યા સિવાય પરિસ્થિતિનો સ્વીકાર કરી રસ્તો શોધવો .

મનમાંથી નીકળતી વિપરિત સંજોગો સામે લડવાની તાકાત એટલે મનોબળ. મનોબળ મજબૂત કરવા જરૂર છે સારાં વિચારોની આદત પાડવી .પરિસ્થિતિને આપણે બદલી શકતા ના હોઈએ ત્યારે એને કાબુમાં કેમ કરવી અથવા એનો સામનો કેમ કરવો એ આધાર રાખે છે આપણા મનોબળ પર . એક દવા જેટલી અસર કરે છે એના કરતા પણ વધુ અસરકારક હોય છે મજબૂત મનોબળ.હા આ મજબુત મનોબળ ચમત્કાર કરી શકે છે.

ગમે એવી અસાધ્ય બિમારીમાંથી કે ગમે એવા અશક્ય લાગતાં સંજોગોમાંથી પણ વ્યક્તિ ઊભો થઈ શકે છે, માત્ર પોતાનાં મનોબળની શક્તિને કારણે અને દુનિયામાં આવા ઘણાં ઉદાહરણ છે.

મનોબળ મજબુત હોય તો વ્યક્તિ ગમે તે ઉંમરે ગમે તેવા વિપરીત સંજોગોમાંથી બહાર નીકળે ઉત્તમ જીવન જીવી શકે છે

આપણે સારુ જોવું જોઈએ અને સારુ વિચારવું જોઈએ .

આપણને ભયભીત વાતાવરણમાં ડરી ડરીને જીવવાની આદત પડી ગઈ છે.આપણે હવે શું કરીશું એમાંને એમાં વર્તમાન પરિસ્થિતિ માણવાનું ભૂલી જઈએ છીએ .

ભવિષ્ય આપણા હાથમાં નથી છતાં આપણે ભવિષ્ય માટે ચિંતિત હોઈએ છીએ .

યાદ છે એક સમયે કોરોના વખતે આપણે એ બાબતે ચિંતિત હતાં કે આપણું બાળક સ્કૂલમાં રજા પાડશે એક દિવસની તો પણ એના અભ્યાસ પર અસર પડશે.એના વારંવાર મોબાઈલ પ્રત્યેના આકર્ષણ પર આપણે ખીજાતા હતાં,પરંતુ પરિસ્થિતિ એવી વિપરીત થઈ હતી કે એને સ્વીકારી કે બાળક સ્કૂલ નથી જતું અને મોબાઈલમાં ભણી રહ્યું હતું ઓનલાઈન.

આપણે પરિસ્થિતિ ને સ્વીકારી લીધી.

માટે પરિસ્થિતિ જે હોય એ એનો મનથી સ્વીકાર કરી અપનાવવું જ રહ્યું . જીવનનો હેતુ સફળતા નથી માત્ર પણ આનંદ પૂર્વક જીવનને માણવું એ છે .

આપણા બધામાં પૂર્ણ જીવનની આંતરિક શકિત ભરેલી જ હોય છે. છતાં આપણે આખુ જીવન અપૂર્ણતાના સહારે જીવીએ છીએ.

કંઈક મેળવવાની આશા, ઘેલછામાં જે પાસે હોય છે એ પણ નથી જોઈ શકતા.

જીવનનો હેતુ શું છે? એ જાણવાની કોશિશ માં હેતુ વગરના થઈ જઈએ છીએ.

જિંદગી જીવવાની એક જ શરત છે કે કાં તો જિંદગીને તમારા ઉપર હાવી થઈ જવા દો અથવા તમે જિંદગી ઉપર સવાર થઈ જાવ. પસંદગી તો છેલ્લે આપણી જ હોય છે.અને આ પસંદગી કરવા માટે જરૂર છે આંતરિક સૂઝબુઝની.

જિંદગી જેવી છે તેવી એને પૂરેપૂરી જીવો અથવા બદલાવ માટે તૈયાર રહો .અને આ બદલાવ મનમાં લાવો.

હા મનોબળથી .સબ કોન્સીયસ માઈન્ડમાં અદભુત તાકાત છે! દરેક ક્ષણ કંઈ એક સરખી નથી રહેવાની એતો એના રંગ રૂપ બદલતી જ રહેવાની છે,તમારામાં એના રંગ-રૂપની સાથે બદલવાની આવડત અને તૈયારી છે?જો હા તો આપો આદેશ મનને એ કરશે જ અને પછી જે પરિણામ આવશે એ અદભુત હશે ચોંકાવનારુ.

જિંદગીતો એમપણ પસાર થવાની જ છે,તો શા માટે આપણી મનની તાકાત મુજબ એને ઢાળ ના આપીએ .

ચાલો મનને મજબૂત કરી જીંદગીને શેપ આપીએ આપણો મન પસંદ શેપ .

અને લોકો પ્રશ્ન કરશે કે કપરા માં કપરી પરિસ્થિતિમાં પણ તમે પસાર થતી જિંદગીને કેવી રીતે જીવો છો ?

અને તમે કહી ઉઠશો મનની મનના સકારાત્મક પાવરથી .

જે દરેકની અંદર છે જ .જરૂર છે જીવનમાં કારણ શોધવાની અને ગોલ. આખરે અહીંયા આવવાનો ઉદેશ શું ?

શા માટે આટલા વર્ષોથી આપણે પૃથ્વી પર છીએ ?આવ્યો છે વિચાર આવો ?

આવો વિચાર બે જ વ્યક્તિને આવી શકે એક જે જીંદગીથી કંટાળી ગયું હોય અને બીજો જેણે જીવનને સમજી લીધું હોય .

આવો તો મનની બારી કાટ ખાઈ ગઈ હશે ઉઘાડો અને નિહાળો આંતરિક મનને અને અદભુત શકિતને તમારી તરફ ખેંચી લો .

# "ચિત્રકથાઓ, ગ્રાફિક નોવેલ અને ડોક્ટરેટ"

જાત સાથે વાત



ધર્મેન્દ્ર ત્રિવેદી

થોડા દિવસો પૂર્વે મારો ભાણો મળી ગયો. સામાન્ય રીતે ભાણો હાથમાં આવે એટલે તમામ મામાઓ જ્ઞાનીબાબા બની જાય છે અને પોતાના અનુભવના વિશાળ ફલકમાંથી નિપજેલા જ્ઞાનનો લાભ દરેક ભાણાઓને મળતો હોય છે. પરંતુ અ વખતે ભાણો બાજી મારી ગયો ! હું મારા જ્ઞાનની છાલકોથી એને ભીંજવી દઉં એ પહેલાં ભાણાએ જ એક પ્રતિપ્રશ્ન પૂછીને મને પલાળી દીધો. મને કે 'મામા, તમે એક કામ કરો . . . પી.એચ.ડી. કરી નાખોને ?' હવે કાયમ ભાણો ડિફેન્સ આવી જાતો હોય એને બદલે મામો ડિફેન્સમાં આવી ગયો, અને મારે એને ખુલાસા આપવા પડ્યા કે 'મામાને શા માટે પી.એચ.ડી. ન કરવું જોઈએ!'

ડોક્ટરેટ કરવાના મુદ્દે શિક્ષણ જગત, વિદ્યાર્થી જગત અને સમાજ વચ્ચે મોટા વિચારભેદ છે. આ વિચારભેદના એક કરતાં વધારે કારણો પણ છે. એક જમાનો હતો કે જ્યારે પી.એચ.ડી. કરવું એ લોઢાના ચણા ચાવવા જેટલું કઠીન કાર્ય હતું. કારણ કે ત્યારે પી.એચ.ડી. કરવા માટે વ્યક્તિએ અનેક સંદર્ભગ્રંથોનો અભ્યાસ કરીને તેમાં થી પોતાના તારણો કાઢવા પડતાં હતાં. આજે પી.એચ.ડી. થનાર પાસે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ જેવા જાદુઈ જીન હાજર છે, સ્થાનિક નહીં પરંતુ વૈશ્વિક સંદર્ભો આંગળીના ટેરવે ઉપાલબ્ધ છે. આનો ફાયદો છે તેની સામે ગેરફાયદાઓ પણ છે. અગાઉ જ્યારે આ બધુ નહોતું ત્યારે પી.એચ.ડી. કરતાં વિદ્યાર્થીઓ સહેલા વિષયો, અથવા અગાઉ થઈ ગયેલા ડોક્ટરેટની આસપાસ ગરબે ઘૂમતા વિષયો પસંદ કરીને વટભેર પોતાના નામની આગળ ડો. લગાવી દેતાં. હવે નગણ્ય ફેરફારો સાથેના કોપી-પેસ્ટ મહાનિબંધોના પગથીએ નામ આગલા ડો. લગાવી શકાય છે. પરંતુ આજની પેઢીમાં પણ આશાસ્પદ નમુનાઓ છે.

આજે જે નમૂનાની વાત કરવી છે તેણે જે વિષય પસંદ કર્યો છે તે ખરેખર હટકે છે, અને ધારે તો પણ કોપી પેસ્ટ થઈ શકે એમ નથી. આ નમૂનાનું નામ છે જીગ્નેશ ચાવડા, અને તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં "ભારતમાં ગ્રાફિક નોવેલનો ઉદભવ: મુખ્ય પ્રવાહની નવલકથા તરફની તેની યાત્રાનો વિવેચનાત્મક અભ્યાસ" વિષય પર ડોક્ટરેટ કરી રહ્યા છે. આ વિષય પરથી એક પ્રશ્ન એ ઊભો થવો જોઈએ કે 'સાલું આ ગ્રાફિક નોવેલ' છે શું ? આમ તો મારો પત્રકાર નાનો ભાઈ વર્ષોથી ગ્રાફિક નોવેલની વાતો કરતો હતો, પરંતુ જીગ્નેશ ચાવડાની આ ઓછા જાણીતા વિષય પર પી.એચ.ડી. કરવાની સાહસવૃતિ જોઈને આનંદ થયો કે સફળતાની લ્હાયમાં આજના યુવાનો સહેલો અને ટૂંકો પસંદ કરતાં હોય ત્યારે આ જણે આવો વણખેડાયેલો વિષય પસંદ કર્યો. તો ચાલો આપણા નમૂનાના ડોક્ટરેટના વિષયને સમજીએ.

બાળપણમાં સૌએ ક્યારેક ને ક્યારેક તો કોમિક્સ વાંચ્યા હશે. કોમિક્સમાં વાર્તાને કાર્ટૂન, અને ચિત્રોની શ્રેણી દ્વારા દૃશ્ય રીતે વર્ણવાય છે. મને લાગે છે કે લખીને સર્જાતાં સાહિત્યના પ્રભાવમાં મહદઅંશે બાળકો માટે સર્જાતાં કોમિક્સને સાહિત્યની એક ધારા તરીકે સ્થાન કદાચ હજુ પણ પ્રાપ્ત થયું નથી. કહેવાય છે કે આજના યુવાનોમાં લોકપ્રિય બની રહેલી ગ્રાફિક ર્નવેલ્સનું ઉદગમ સ્થળ કોમિક્સ એટલે કે ચિત્રવાર્તા જ છે. વૈશ્વિક ગ્રાફિક નોવેલ્સની વાત કરીએ તો ચિત્રવાર્તાનું પરિપક્વ સ્વરૂપ એટલે ગ્રાફિક નોવેલ, "ગ્રાફિક નોવેલ" શબ્દ સૌપ્રથમ ૧૯૬૪ માં ઇતિહાસકાર રિચાર્ડ કાયલ દ્વારા પ્રયોજવામાં આવ્યો હતો. 'એ કોન્ટ્રાક્ટ વિથ ગોડ' એ સૌપ્રથમ ગ્રાફિક નોવેલ ગણવામાં આવે છે જે ૧૯૭૮માં પ્રકાશિત વિલ આઈઝનરની પ્રખ્યાત કૃતિ હતી. તેમણે કોમિકને બદલે બ્રાન્ડિંગ કરવા માટે આ શબ્દનો ઉપયોગ કર્યો હતો અને કોમિક બુકના ચાહકોમાં તેને લોકપ્રિય બનાવવામાં મદદ કરી હતી. અંહિથી ગ્રાફિક નોવેલનો ઉદ્દભવ થયો ગણાય છે. ત્યારબાદ ૧૯૯૮ માં આવેલ એલેન મૂર દ્વારા પ્રકાશિત 'watchmen' વોચમેન કે જેને હુગો એવોર્ડ મેળવેલો, ૧૯૯૨ માં આર્ટ સ્પીગેલમેન દ્વારા પ્રકાશિત માઉસ ખૂબ પ્રખ્યાત બની હતી તથા પુલિત્ઝર પ્રાઈઝ પણ મેળવેલ પ્રથમ ગ્રાફિક નોવેલ બની.

ભારતમાં ચિત્રવાર્તા તરીકે ની શરૂઆત ' અમર ચિત્રકથા ' દ્વારા થઈ, પરંતુ પ્રથમ ગ્રાફિક નોવેલ ૧૯૯૪માં ઓરીજીત સેન દ્વારા પ્રકાશિત કરવામાં આવી. ત્યારબાદ ઘણા ગોથમ ચોપરા અને જીવન કંગ દ્વારા 'સાધુ', વિશ્વજ્યોતિ ઘોષ દ્વારા Delhi Calm (દિલ્હી કામ), પ્રતીક થોમસ, વિવેક થોમસ અને રાજીવ ઇપે દ્વારા હશ, અમૃતા પાટીલ દ્વારા કારી, અને સરસ્વતી નાગપાલ દ્વારા સીતાઃ ધ ડોટર ઓફ અર્થ જેવી ઘણી બધી ગ્રાફિક નોવેલસ પ્રકાશિત થઈ અને પોપ્યુલર પણ બની. ગ્રાફિક નોવેલ, અગાઉ પ્રસ્તુત થતી કોમિક્સ કરતા વધુ ગંભીર અને ગૂઢ હોય છે, જેમાં દરેક વિષય અને વિષયવસ્તુ ને ધ્યાને રાખી ને ચિત્રો અને શબ્દોના સંગમ થકી વાચકો સામે રજૂ કરવાનો પ્રયાસ થતો રહ્યો છે. કોમિક્સની જેમ માત્ર મનોરંજન માટે નહિ પરંતુ સામાજિક મુદ્દાઓ ને સચિત્રણ રજૂ કરવાનો પ્રયાસ છે. મોટાભાગે ગ્રાફિક નોવેલસ એક ચિત્રકાર અને એક લેખક બંનેના સહપ્રયાસ દ્વારા તૈયાર થતી હોય છે. ઘણાં કિસ્સાઓમાં લેખક જ ચિત્રકાર હોય એવું પણ છે. જેમ કે કારી ગ્રાફિક નોવેલ નું ચિત્રણ અને લેખન બંને અમૃતા પાટીલ દ્વારા કરવામાં આવ્યું છે જ્યારે પ્રથમ ભારતીય ગ્રાફિક નોવેલને પણ ઓરીજિત સેન દ્વારા જ લખાઇ અને દોરાઈ હતી.

અંતે એક સાવ અનોખી ગ્રાફિક નોવેલની વાર્તા અંગે જાણીએ. અપુપેન નામના એક ગ્રાફિક નોવેલીસ્ટની લીજન્ડસ ઓફ હળાહળ નામની નોવેલ છે. આ નોવેલ કુલ પાંચ અલગ અલગ વાર્તાઓની બનેલી એક નોવેલ છે. નોવેલની પાંચ વાર્તાઓમાંની એકના મુખ્યપાત્રો કોઈ પ્રાણીના મૃતદેહમાં પડેલા કિડાઓની પ્રેમકહાની છે. એમાં એક નર અને માદા કીડા પ્રેમમાં પડે છે, વિખૂટા પડે છે, નર માદાની શોધમાં નીકળે છે અને જ્યારે એને પોતાની પ્રેમિકા મળે છે ત્યારે તે બીજા કોઈ કિડાના પ્રેમમાં પડેલી હોય છે... છે ને મજાની વાત. વિષય નાવીન્ય માત્ર અહી જ નહીં પરંતુ સર્જાતાં તમામ સાહિત્ય માટેની અનિવાર્ય શરત છે.

**હેન્ડબ્રેકઃ**

**હેશટેગ હેઠળ સતત લખાતું સાહિત્ય,**
**સમય જતાં મુખ્ય ધારાનું સાહિત્ય બને.**

- મીડિયા છેલીબ્રિટી

-૯૯૭૮૪૦૫૯૬૭

- djtrivedi@yahoo.com